દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૩ જુલાઈ, ૨૦૨૬

# પેટ્રોલમાં ઇથેનોલના મિશ્રણથી વાહનોને નુક્સાનની ચિંતાઓ: મિશ્રણ ૨૦ ટકાથી વધુ કરવા અંગે ફેરવિચારણા કરવી પડશે?

ઈંધણ આયાતનો ખર્ચ ઘટાડવા અને પ્રદુષણ નિયંત્રણમાં રહે તે માટે સરકારે પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવાની નીતિ અમલમાં મૂકી છે પરંતુ હવે આ બાબત વાહનોને થતાં સંભવિત નુકસાન અંગે ચિંતા જન્માવી રહી છે. આની સામે સરકારે આ નીતિનો બચાવ શરૂ કર્યો છે. સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે દેશમાં પેટ્રોલમાં ૨૦% ઇથેનોલ મિશ્રણનો કાર્યક્રમ હજુ પણ એક ચાલુ પ્રયોગ છે અને આ નીતિનો પ્રભાવ આવતા વર્ષ સુધી વધુ સ્પષ્ટ થશે.

આ ટિપ્પણીઓ એક વ્યાપક ચર્ચા અને આ કાર્યક્રમને લઈને ચિંતાઓ વચ્ચે આવી છે, જેમાં ઘણા લોકો આ વાતની ચિંતા વ્યક્ત કરી રહ્યા છે કે વધારેલા ઇથેનોલ મિશ્રણથી જૂના વાહનોને નુકસાન થઈ શકે છે અને તે ઈંધણ ક્ષમતા પણ ઘટાડે છે. આ વચ્ચે, સરકારએ આવી ચિંતાઓને શાંત કરવા માટે જણાવ્યું છે કે E20 પેટ્રોલને મિકેનિકલ નુકસાન સાથે જોડતું નક્કર પુરાવા હાજર નથી અને આ નીતિ ભારતની ઊર્જા સુરક્ષા, ખેડૂતો અને પર્યાવરણ માટે લાભદાયક રહેશે. સુપ્રીમ કોર્ટમાં સરકારી માલિકીની કંપની ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) દ્વારા કરાયેલ અરજીની સુનવણી ચાલી રહી છે, જે કર્ણાટક હાઇકોર્ટના ૨૦૨૫-૨૬ પુરવઠા વર્ષ માટે ઇથેનોલ ફાળવણી સંબંધિત આદેશને પડકારતી છે. આ કેસનો મુદ્દો જો કે જુદો છે, પરંતુ તે નિમિત્તે ઇથેનોલ મિશ્રિત પેટ્રોલની વાહન પર અસર અંગે પણ ચર્ચા અદાલતમાં થઇ ગઇ. સરકાર કહે છે કે આ મિશ્રણ કરવાનો પ્રભાવ આવતા વર્ષે સ્પષ્ટ થશે. જો કે નિષ્ણાતો આ બાબતે શું કહે છે તે પણ જાણવું જોઈએ. પેટ્રોલમાં 20% ઇથેનોલ મિશ્રણ (E20)ના ઉપયોગથી વાહનોની માઇલેજ (ઈંધણ કાર્યક્ષમતા) પર અસર થઈ શકે છે, પરંતુ આ અસર વિવિધ પરિબળો પર આધાર રાખે છે. ઇથેનોલમાં પેટ્રોલ કરતા ઊર્જા ઘનત્વ (energy density) ઓછું હોય છે, એટલે કે તે ઓછા કિલોમીટરના માટે ઊર્જા આપે છે. તેથી, E20 પેટ્રોલ વાપરવાથી સામાન્ય રીતે માઇલેજમાં થોડું ઘટાડો થઈ શકે છે. જૂના અથવા યોગ્ય રીતે કસ્ટમાઇઝ ન થયેલા વાહનોમાં ઇથેનોલ મિશ્રણ વધુ હોવાને કારણે એન્જિન પર અસર પડી શકે છે, જે માઇલેજને અસર કરી શકે છે. નવા મોડેલના વાહનો અને જે વાહનો E20 માટે ડિઝાઇન અથવા કસ્ટમાઇઝ કરવામાં આવ્યા છે, તેમાં માઇલેજ પર અસર ઓછા પ્રમાણમાં થાય છે. સરકાર અને કેટલાક નિષ્ણાતોનું કહેવું છે કે E20 પેટ્રોલને કારણે મોટાભાગના વાહનોમાં મોટું નુકસાન કે માઇલેજમાં ગંભીર ઘટાડો થવાનો પુરાવો મળ્યો નથી. તેમ છતાં, આ વિષય પર વધુ અભ્યાસ અને સમય લાગશે જેથી સંપૂર્ણ અસર સ્પષ્ટ થઈ શકે. E20 પેટ્રોલથી માઇલેજમાં થોડો ઘટાડો થવાની શક્યતા છે, ખાસ કરીને જૂના વાહનોમાં. નવા અને યોગ્ય રીતે કસ્ટમાઇઝ થયેલા વાહનો માટે આ અસર ઓછા પ્રમાણમાં હોય શકે. ઇથેનોલથી એન્જિનને નુકસાન થવાની શક્યતા કેટલીક પરિસ્થિતિઓમાં હોય છે, ખાસ કરીને જ્યારે ઇથેનોલનું પ્રમાણ 15-20% થી વધુ હોય અને એન્જિન તે માટે યોગ્ય રીતે કસ્ટમાઇઝ ન હોય. એવો એક અભિપ્રાય છે. નાના એન્જિનો જેમ કે માવર્સ, ટ્રિમર્સ વગેરેમાં ઇથેનોલ પેટ્રોલથી નુકસાન થવાની શક્યતા વધારે હોય છે. મોટાભાગના આધુનિક વાહનોમાં 20% સુધી ઇથેનોલ મિશ્રણ સામાન્ય રીતે એન્જિનને નુકસાન નથી પહોંચાડતું, કારણ કે તે માટે એન્જિન ડિઝાઇન અને કસ્ટમાઇઝેશન કરવામાં આવે છે. ઇથેનોલનું ઊર્જા ઘનત્વ પેટ્રોલ કરતા ઓછું હોય છે, જેના કારણે એન્જિનની પાવર અને કાર્યક્ષમતા પર નકારાત્મક અસર પડી શકે છે. જો ઇથેનોલનું પ્રમાણ વધારે હોય તો એન્જિનને યોગ્ય રીતે એડજસ્ટ કરવું જરૂરી છે નહીં તો નુકસાન થઈ શકે છે. ઇથેનોલ 20% મિશ્રણ સુધી મોટાભાગના આધુનિક વાહનો માટે સલામત માનવામાં આવે છે, પરંતુ જૂના વાહનો અને નાની એન્જિનો માટે નુકસાન થવાની શક્યતા રહે છે. યોગ્ય એન્જિન એડજસ્ટમેન્ટ અને ડિઝાઇન સાથે આ જોખમ ઘટાડવામાં આવે છે.

સરકારનું કહેવું છે કે આ નીતિનો લાભ ઊર્જા સુરક્ષા અને પર્યાવરણ માટે વધુ છે અને મિકેનિકલ નુકસાનના પુરાવા મજબૂત નથી. ભારતે 2025માં પેટ્રોલમાં 20% ઇથેનોલ મિશ્રણનું લક્ષ્ય નિર્ધારિત સમય કરતાં પાંચ વર્ષ પહેલાં જ પ્રાપ્ત કરી લીધું છે. તે તારીખથી તેલ માર્કેટિંગ કંપનીઓએ સમગ્ર દેશમાં ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલની સપ્લાય શરૂ કરી દીધી છે. સરકારે હવે 2030 સુધીમાં પેટ્રોલમાં ઇથેનોલ મિશ્રણને 30% સુધી વધારવાનું લક્ષ્ય નક્કી કર્યુ છે. વાહનોને નુક્સાન અંગેના નિષ્ણાતોના અભિપ્રાયો જોતા સરકારે આ પ્રમાણ વધારતા પહેલા વિચાર કરવો પડશે.

## શીખવા માટે તૈયારી

એક દિવસ આશ્રમમાં શિષ્યો ગુરુજી પાસે આવ્યા અને ફરિયાદના સૂરમાં બોલ્યા, ‘‘ગુરુજી તમે અમને ગામની સફાઈનું કામ સોંપ્યું છે અને અમે બધા તે કામ બરાબર કરીએ છીએ.અમુક ગ્રામવાસીઓ અમને સાફ સફાઈમાં મદદ પણ કરે છે અને અમુક લોકો નથી કરતા પણ બીજે દિવસે ફરી પાછી ગંદકી બધે ફેલાયેલી જ હોય છે.અમારી વિનંતી છે કે તમે ગામમાં આવીને લોકોને સફાઇ અને સ્વચ્છતાના મહત્ત્વ વિષે સમજાવો અને તેમને કહો કે આમ ચારે બાજુ ગંદકી ન ફેલાવે.’’

ગુરુજીએ કહ્યું, ‘‘મેં તમને ગામની સફાઈનું કામ સોંપ્યું છે. તમે તેની ઉપર ધ્યાન આપો. ગામવાસીઓ શું કરે છે તેની ઉપર નહિ. સફાઈ અભિયાન ચાલુ રાખો.’’

શિષ્યો કંઈ બોલ્યા નહિ, સફાઈ અભિયાન ચાલુ હતું. શિષ્યો રોજ સફાઇ કરતા, અમુક ગ્રામવાસીઓ મદદ પણ કરતા પણ ફરી ત્યાં બીજા દિવસે કચરાનો ઢગલો થઈ જ જતો. શિષ્યોએ સમજાવવાની કોશિશ કરી, કચરાપેટીઓ મૂકી કચરો તેમાં નાખવા બધાને સમજાવ્યું છતાં પણ કચરો કચરાપેટીમાં નહિ, ચારે બાજુ ફેલાયેલો જોવા મળતો, રોજ જ સફાઇ થતી ત્યાં ફરી કચરો આવી જ જતો.શિષ્યો માટે નવાઈની વાત હતી કે જે લોકો સફાઈમાં મદદ કરતાં હતાં તેઓ પણ સ્વચ્છતા રાખવાનું શીખ્યા ન હતાં.તેઓ કાલે સાફ કરવું જ છે ને...એમ વિચારી પોતે ગંદકી અને કચરો ફેલાવતા.

ચાર્જિંગ પોઇન્ટ

હેતા ભૂષણ

પોતાની રીતે સમજાવી શિષ્યો થાક્યા. તેઓ ફરી ગુરુજી પાસે ગયા અને ફરિયાદ કરતાં કહ્યું, ‘‘ગુરુજી, આ ગામલોકો કંઇ સમજતા જ નથી. અમે સમજાવ્યું છતાં કચરો કરે જ છે. હવે તમે જ સમજાવો તો સારું.’’

ગુરુજી બોલ્યા, ‘‘તમે તમારું કામ કરો...મેં તમને સફાઇ કરવાનું કહ્યું છે, ગામલોકોને સમજાવવાનું નહિ.’’

એક શિષ્યે કહ્યું, ‘‘ગુરુજી, સફાઇ રોજ કરીએ જ છીએ પણ આ લોકો કંઈ સમજતા નથી, ફરી ગંદકી ફેલાવે છે એટલે શીખવાડવું તો પડે ને કે સફાઈ કઈ રીતે રાખવી, કચરાપેટી મૂકી હોવા છતાં જયાં ત્યાં કચરો ફેંકે છે.’’

ગુરુજી કંઈ બોલ્યા નહિ, એક તૂટેલી માટીની કુલડીમાં તેઓ પાણી ભરવા લાગ્યા...તૂટેલી કુલડીની તડોમાંથી પાણી બહાર રેલાતું હતું અને કુલડી ભરાતી ન હતી અને ગુરુજી પાણી રેડી જ રહ્યા હતા.

એક શિષ્ય બોલ્યો, ‘‘ગુરુજી, આ શું કરો છો?’’ ગુરુજીએ કહ્યું, ‘‘કુલડી પાણીથી ભરી રહ્યો છું પણ ભરાતી નથી.’’બીજા શિષ્યે કહ્યું, ‘‘ગુરુજી, કુલડી તૂટેલી છે. તેની તડોમાંથી પાણી બહાર રેલાઈ રહ્યું છે. તે કુલડી ભરાશે જ નહિ.’’

ગુરુજી બોલ્યા, ‘‘આ વાત તમે પણ સમજો. જેમ કુલડી પાણી ભરી રાખવા સક્ષમ નથી તેમ ગામવાસીઓ જે શીખવા હજી તૈયાર નથી તે તેઓ શીખી કે સમજી નહિ શકે. તમે લોકો તેમને ચાર દિવસમાં સ્વચ્છતાનું મહત્ત્વ અને પાલન શીખવાડવા માંગો છો. તેઓ જે વસ્તુનું મહત્ત્વ સમજી શકતા નથી તેનું પાલન કઈ રીતે કરશે.તમે માત્ર સફાઈ રાખો. ધીરે ધીરે બધું સુધરશે.’’ ગુરુજીએ હકીકત સમજાવી.

# સ્ત્રીની પસંદગીના અધિકારને અવગણી ગુના તરફ ધકેલતી પિતૃસત્તાક વ્યવસ્થા

### કહેવાની વાત

**નેહા શાહ**

પહેલાં સોનમ રઘુવંશી, પછી મુસ્કાન રસ્તોગી અને હવે સિયા ગોયલ. ભણેલી-ગણેલી અને આધુનિક પરિવારમાં ઉછરેલી યુવતીઓ કથિત રીતે પોતાના મંગેતર અથવા પતિની હત્યા સુધી પહોંચે એવા ઉપરાછાપરી બનેલા કિસ્સાઓએ દેશને હચમચાવી દીધો છે. આરોપો અત્યંત ગંભીર છે. અદાલતમાં આ આરોપો સાબિત થાય, તો તેમને કાયદા અનુસાર મળતી કડકમાં કડક સજા થવી જ જોઈએ. હત્યાનું કોઈ પણ સંજોગોમાં સમર્થન થઈ શકે નહીં. તેમના ગુસ્સા કે વિરોધનો ભોગ નિર્દોષ વ્યક્તિ બની છે. હિંસા કોઈ સમસ્યાનો ઉકેલ નથી. આ ગુનાની નિંદા જેટલી કરીએ એટલી ઓછી જ છે. ઉપરાછાપરી બનેલી આવી ઘટનાઓને માત્ર નૈતિકતાના અધઃપતનમાં ખપાવી દેવાય? ઘણા માનવા ઈચ્છે છે એમ સ્ત્રી સ્વતંત્રતાની માઠી આડઅસર ગણી શકાય? કે પછી પિતૃસત્તાક વ્યવસ્થાની જ આડઅસર ગણાય? સમાજ તરીકે આપણે એ પ્રશ્ન પૂછવો જ જોઈએ કે એવા કયા સામાજિક સંજોગો છે, જેણે આ યુવતીઓને ગુનાહિત માનસિકતા તરફ ધકેલી અને આવી કરુણ ઘટનાઓ બની? બધા કિસ્સામાં મહિલા ગુનેગાર છે એટલે એના ચારિત્ર્ય પર આંગળી ચીંધવી સહેલી છે. મીડિયામાં ચાલી રહેલી ચર્ચામાં પણ નૈતિકતા અને વિશ્વાસઘાત જ કેન્દ્રમાં રહ્યાં છે પણ અગત્યનો નોંધવા જેવો મુદ્દો એ છે કે આ ભણેલી ગણેલી છોકરીઓને પોતાનાં માતા-પિતા સામે પોતાની પસંદગી અને પ્રેમસંબંધ અંગે ખુલ્લેઆમ વાત કરવાનું અઘરું લાગ્યું જ્યારે હત્યા કરવા જેવો અત્યંત ભયાનક માર્ગ સહેલો લાગ્યો! આ ઘટનાઓ આપણા સમાજના એવા માળખા તરફ આંગળી ચીંધે છે, જ્યાં આજે પણ અનેક યુવતીઓ પોતાના જીવનના સૌથી મહત્ત્વના નિર્ણય-લગ્ન-વિશે સ્વતંત્રપણે નિર્ણય લઈ શકતી નથી. આપણા સમાજમાં હજુ પણ

**આ ઘટનાઓ આપણા સમાજના એવા માળખા તરફ આંગળી ચીંધે છે, જ્યાં આજે પણ અનેક યુવતીઓ પોતાના જીવનના સૌથી મહત્ત્વના નિર્ણય-લગ્ન-વિશે સ્વતંત્રપણે નિર્ણય લઈ શકતી નથી**

લગ્નને બે વ્યક્તિના મનમેળ કરતાં બે પરિવારો વચ્ચેના સંબંધનો વિષય વધારે છે. જેનો નિર્ણય લેવાની સત્તા મોટા ભાગે કુટુંબના પુરુષ વડાના હાથમાં હોય છે. બાળકો, ખાસ કરીને દીકરીઓ પાસે એવી અપેક્ષા હોય કે તે આજ્ઞાપાલન કરે. તેને પોતાની વાત રજૂ કરવાની ખાસ છૂટ હોતી નથી. દીકરીનો પ્રેમસંબંધ આજે પણ અનૈતિક ગણાય અને એને પરિવારની આબરૂ સાથે જોડવામાં આવે. જીવન જીવવા માટે દીકરીની પસંદગી કરતાં પરિવારની પ્રતિષ્ઠાનું મહત્ત્વ વધી જાય છે.વિરોધાભાસ એ છે કે આપણે દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપીએ છીએ, તેમને આર્થિક રીતે સ્વાવલંબી બનવા પ્રોત્સાહિત કરીએ છીએ, પરંતુ પોતાના જીવનસાથીની પસંદગી કરવાનો અધિકાર આપતાં હજુ પણ અચકાઈએ છીએ. સ્વતંત્ર નિર્ણય લેવાનો અધિકાર ન હોય તો શિક્ષણ માત્ર અડધું સશક્તિકરણ બની રહે છે.

દરેક પેઢી વચ્ચે વિચારભેદ રહેવાનો જ છે. યુવાનો સંબંધો, કારકિર્દી અને લગ્ન વિશે અલગ રીતે વિચારે એ સ્વાભાવિક છે. પ્રશ્ન એ નથી કે પેઢીઓ વચ્ચે મતભેદ કેમ છે; પ્રશ્ન એ છે કે તેનો ઉકેલ કેવી રીતે શોધવામાં આવે છે. વડીલોએ પોતાનાં મૂલ્યો લાદવાને બદલે યુવાનોને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો તેમને કોઈ સંબંધ અંગે વાજબી ચિંતા હોય, તો તે ખુલ્લી ચર્ચા દ્વારા વ્યક્ત કરવી જોઈએ. સંવાદ સમજણ પેદા કરે છે, જ્યારે દબાણ મૌન પેદા કરે છે, જે ઘણી વખત અત્યંત જોખમી સાબિત થાય છે. ઓનર કિલિંગની જ આ બીજી બાજુ છે - પ્રશ્નના મૂળમાં છે દીકરીની પોતાની મરજીના પાત્ર સાથે પ્રેમ અને લગ્ન કરવાનો આગ્રહ. એક અંતિમ છેડે ‘કુટુંબની આબરૂ જાળવવા’ દીકરી અથવા એના પ્રેમીની હત્યા થાય છે અને હવે આ બીજા અંતિમ છેડે ના ગમતા પાત્ર સાથે જબરદસ્તી જોડાવા કરતાં એની હત્યા કરવાનું એને સરળ લાગે છે. આવા દરેક કેસમાં અંતે દરેક વ્યક્તિ હારે છે. એક વ્યક્તિનું મૃત્યુ થાય છે, અનેક પરિવારો બરબાદ થાય છે અને જે મૂળ સમસ્યા હતી તેનો કોઈ ઉકેલ આવતો નથી. આ અંગે માત્ર યુવતીઓને જ નહીં, પરંતુ માતા-પિતાને પણ કાઉન્સેલિંગની જરૂર છે. મા-બાપને સમજાવવાની જરૂર છે કે દીકરી પોતાની પસંદગીના જીવનસાથીને પસંદ કરે તેમાં કંઈ અસ્વાભાવિક કે અનૈતિક નથી. તે એક સ્વાભાવિક માનવીય અધિકાર છે.

આ કેસો બતાવે છે કે પ્રશ્ન એ નથી કે મહિલાઓને “વધારે પડતી સ્વતંત્રતા” મળી ગઈ છે. પણ પ્રશ્ન એ છે કે મહિલાઓની સ્વતંત્રતા હજુ પણ અધૂરી છે. જ્યારે કોઈ યુવતીને એવું લાગે કે એનાં માતા-પિતા માટે પરિવારની આબરૂ તેની સંમતિના અધિકાર કરતાં વધુ મહત્ત્વની છે અને પ્રામાણિક સંવાદને કોઈ સ્થાન નથી ત્યારે સમજવું જોઈએ કે સમાજ પહેલેથી જ ક્યાંક નિષ્ફળ ગયો છે. આથી ઉકેલ પિતૃસત્તાક નિયંત્રણમાં નથી. ઉકેલ છે- સંવાદ, પરસ્પર સન્માન અને સાચી સ્વતંત્રતામાં. આબરૂનો બોજ દીકરીઓના ખભેથી ઊતારી એક એવો સમાજ બનાવવાની જરૂર છે જ્યાં દીકરી પોતાનાં માતા-પિતાને નિર્ભયતાથી કહી શકે કે તે કોની સાથે જીવન જીવવા માંગે છે અને માતા-પિતા પણ અસંમતિ હોવા છતાં તેની વાત સાંભળવાની તૈયારી રાખે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# વરસાદની ખેંચ અને ખેડૂતોને વાવેતરની ચિંતા

ગુજરાત એ કૃષિ પ્રધાન અને ઉદ્યોગ સાહસિકતા ધરાવતું રાજ્ય છે, જ્યાં ચોમાસાની સિઝન માત્ર ખેડૂતો માટે જ નહીં પરંતુ સમગ્ર રાજ્યના અર્થતંત્ર માટે કરોડરજ્જુ સમાન ગણાય છે. દર વર્ષે જૂન મહિનાની શરૂઆત સાથે જ જગતનો તાત આકાશ તરફ મીટ માંડીને બેસી જાય છે, પરંતુ વર્ષ ૨૦૨૬ ચોમાસાની શરૂઆત ગુજરાત માટે ચિંતાજનક સાબિત થઈ રહી છે. ચોમાસાના પ્રારંભિક તબક્કામાં જ વરસાદ ખેંચાવાને કારણે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં, ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ચિંતાના વાદળો ઘેરાયા છે અને ધરતીપુત્રો ચોમાસાના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા છે ત્યારે વહીવટી તંત્ર પણ પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે એક્શન મોડમાં આવી ગયું છે.

જૂન મહિનાના મધ્ય સુધીમાં સામાન્ય રીતે ગુજરાતમાં સારો એવો વરસાદ પડી જતો હોય છે, જેને પગલે ખેડૂતો ઉત્સાહભેર કપાસ, મગફળી, તલ અને કઠોળ જેવા ખરીફ પાકોના વાવેતરમાં લાગી જતા હોય છે પરંતુ આ વર્ષે વરસાદની અનિયમિતતા અને લાંબા ખેંચાણને કારણે મોટાભાગના વિસ્તારોમાં વાવણી કાં તો અટકી પડી છે, અથવા તો જેમણે અગતરા વરસાદમાં વાવણી કરી દીધી હતી તેમના પાક સુકાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, અમરેલી અને જૂનાગઢ જેવા જિલ્લાઓ જે મગફળી અને કપાસના હબ ગણાય છે, ત્યાં પાણીની તંગી વર્તાઈ રહી છે અને બીજી તરફ, ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જેવા વિસ્તારોમાં, જ્યાં ઓલરેડી ભૂગર્ભ જળના સ્તર નીચા છે, ત્યાં વરસાદ ન પડવાને કારણે કૂવા અને બોરવેલ પણ જવાબ આપી રહ્યા હોવાથી ખેડૂતોએ મોંઘા બિયારણ અને ખાતર ખરીદ્યા હોવા છતાં તેમનું રોકાણ એળે જઈ રહ્યું હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

આવી પરિસ્થિતિમાં વરસાદ ખેંચાવાના કારણે માત્ર ખેતીના પાકને જ નુકસાન નથી થઈ રહ્યું, પરંતુ રાજ્યના જળાશયોમાં પાણીની આવક પણ નહિવત થઈ ગઈ હોવાથી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના નાના-મોટા ડેમોમાં પાણીનું સ્તર ઝડપથી ઘટી રહ્યું છે, જેના લીધે જો આગામી દિવસોમાં સારો વરસાદ નહીં થાય, તો પીવાના પાણીની સાથે-સાથે સિંચાઈ માટે પાણી પૂરું પાડવું સરકાર માટે મોટો પડકાર બની જશે. જો કે સરકાર હાલમાં નર્મદા કેનાલ નેટવર્ક અને સુજલામ સુફલામ યોજના મારફતે પિયત માટે પાણી પહોંચાડવાનો પૂરો પ્રયાસ કરી રહી છે, છતાં કેનાલની પહોંચથી દૂર રહેલા અંતરિયાળ ગામડાઓના ખેડૂતો સંપૂર્ણપણે વરસાદી પાણી પર જ નિર્ભર હોવાથી તેમની ચિંતા ઉત્તરોત્તર વધી રહી છે.

ખેતીની આ પડકારજનક સ્થિતિની સીધી અસર ગુજરાતના મજબૂત પશુપાલન ઉદ્યોગ પર પણ પડી રહી છે, કારણ કે વરસાદની ખેંચના લીધે ચરિયાણ ભૂમિ અને ગૌચરો ઉજ્જડ ભાસી રહ્યા છે, જેના કારણે લીલા ઘાસચારાની ભારે અછત સર્જાઈ છે અને ઘાસચારાના ભાવો આસમાને પહોંચી રહ્યા છે. જો આ સ્થિતિ લાંબી ચાલશે તો પશુપાલકો માટે પોતાના પશુધનને જીવાડવું મુશ્કેલ બની જશે અને દૂધ ઉત્પાદન ખર્ચમાં પણ મોટો વધારો થશે, જે ઉત્તર ગુજરાત જેવા દૂધ ઉત્પાદનમાં મોખરે રહેતા પ્રદેશો માટે વધુ ગંભીર



**જો આગામી દિવસોમાં સારો વરસાદ નહીં થાય, તો પીવાના પાણીની સાથે-સાથે સિંચાઈ માટે પાણી પૂરું પાડવું સરકાર માટે મોટો પડકાર બની જશે**

બાબત છે.

આ જ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર સંપૂર્ણપણે સક્રિય થઈ ગઈ છે અને ગાંધીનગર ખાતે યોજાતી પ્રત્યેક કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી અને સંબંધિત મંત્રીઓ દ્વારા વરસાદની સ્થિતિ, પાક વાવેતર અને જળ સંચય અંગે સતત સમીક્ષા કરવામાં આવી રહી છે, જેમાં રાજ્યના તમામ નાના-મોટા જળાશયોમાં લાઈવ સ્ટોરેજ કેટલું છે અને તેમાંથી કેટલા દિવસ પીવાનું તથા સિંચાઈનું પાણી આપી શકાશે તેનું રોજેરોજનું મોનિટરિંગ થઈ રહ્યું છે.

આ સાથે જ અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુઓ માટે ઘાસચારો ખૂટી ન પડે તે માટે સરકારી સ્તરે ‘ડેપો’ શરૂ કરવાની અને અન્ય રાજ્યો કે લીલા વિસ્તારોમાંથી ઘાસચારો મંગાવવાની આગોતરી યોજના તૈયાર કરવામાં આવી રહી છે, તેમજ કૃષિ યુનિવર્સિટીઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો મારફતે ખેડૂતોને ઓછા પાણીમાં થઈ શકે તેવા વૈકલ્પિક ટૂંકા ગાળાના પાક (જેમ કે બાજરી, મગ, મઠ) વાવવા માટે વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે.

વરસાદનું ખેંચાવું એ કુદરતી પ્રક્રિયા છે અને ગ્લોબલ વોર્મિંગના યુગમાં હવામાનની આ અનિશ્ચિતતા વધુ ઘાતક બની રહી છે ત્યારે ગુજરાતના ખેડૂતો હંમેશા મુશ્કેલ પરિસ્થિતિઓ સામે લડીને બેઠા થયા છે, પરંતુ હાલનો સમય તેમના માટે ધીરજની કસોટી સમાન છે. વહીવટી તંત્રનું સતત મોનિટરિંગ અને આગોતરું આયોજન ખેડૂતોને થોડી રાહત ચોક્કસ આપી શકે છે, પરંતુ અંતે તો આ ધરતીને લીલીછમ કરવા અને જગતના તાતના ચહેરા પર સ્મિત લાવવા માટે મેઘરાજાની કૃપા જ અનિવાર્ય હોવાથી હવે આખું ગુજરાત એક જ આશા સાથે આકાશ તરફ મીટ માંડીને બેઠું છે કે વહેલી તકે અમૃત વર્ષા થાય.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરનાર વિદ્યાર્થીઓ મોબાઈલ એપ્લિકેશન કે યુટ્યૂબ જેવા માધ્યમો થકી મોબાઈલ કે લેપટોપ પર શિક્ષણ મેળવી રહ્યા છે. ઘરે કે પછી લાયબ્રેરીમાં બેઠાં-બેઠાં અભ્યાસ કરી રહ્યા છે. તજજ્ઞ શિક્ષકોના વ્યાખ્યાનો કે શિક્ષણની વિડિયોથી વિદ્યાર્થીઓ સતત જ્ઞાનમાં વધારો કરી રહ્યા છે. આ એક સકારાત્મક પાસું છે. પરંતુ બીજી બાજુ જોઈએ તો દેખાય છે કે નાના ડિવાઈસમાં કલાકો સુધી બેસીને અધ્યયન કરવું નુકસાનકારક પણ સાબિત થઈ શકે છે. સતત સ્ક્રીન સામે બેસીને અધ્યયન કરતાં અન્ય બાબતો ભૂલતો જાય છે. જેના કારણે એકલતા અનુભવે છે. દિનભરની એની એ જ પ્રવૃત્તિઓ તેમને વાસ્તવિક જગતથી દૂર લઈ જાય છે. જે લાંબાગાળે માનસિક તણાવનું કારણ પણ બને છે. લાયબ્રેરીમાં સતત વાંચન કરતા વિદ્યાર્થીઓ પરીક્ષામાં સારો દેખાવ કરવા માટે પરફોર્મન્સ એન્ઝાયટી અનુભવતા હોય છે. આવા વિદ્યાર્થીઓ પર પરીક્ષાનું પરીણામ વધુ અસર કરે છે. પાસ થાય તો પ્રોત્સાહન મળે છે અને જો નાપાસ થાય તો પોતાના પર ધિક્કાર પણ અનુભવતા હોય છે. પરીવારની સૌથી મોટી અપેક્ષા હોય છે રોજ મહેનત કરે છે તો સારી નોકરી મળશે જ. ઘણીવાર પરીવારના સભ્યો એક જ બાબત પર ભાર આપે છે ત્યારે પણ વિદ્યાર્થી માનસિક રીતે અસ્થિર જણાય છે. અંતમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયીર એ માત્ર બૌદ્ધિક કસોટી નથી, પણ માનસિક ધીરજની કસોટી છે. જે વિદ્યાર્થી પોતાની માનસિક શાંતિ જાળવીને ટેક્નોલોજી અને પરંપરાગત અભ્યાસ વચ્ચે સંતુલન જાળવી શકે છે. તો જ વિદ્યાર્થી આ લાંબી રેસમાં અંત સુધી ટકી શકે છે. યાદ રાખો પરીક્ષા જીવનનો એક ભાગ છે, સંપૂર્ણ જીવન નથી.

**સુરત - અમૃત વળવી**

### ભગવાનને લાલચ ન આપો!

આજકાલ ભ્રષ્ટાચારી અરાજકતાએ માઝા મૂકી છે. સરકારી અધિકારી-કર્મચારીઓ લાંચ લેતા ઝડપાવાના કેસ વધતા જાય છે. અપવાદરૂપ કોઈ પ્રમાણિક-નેક ઈમાનદાર હોય છે. ઘણાં લોકો તો ભગવાનને પણ ભ્રષ્ટાચારી સમજતાં હોય છે. મંદિરમાં જઈને ભગવાનની મૂર્તિ સામે બે હાથ જોડીને માનતા માને કે મારું આ કામ થઈ જાય તો તમારી ગાદીએ રૂ/૧૦૧ અને પાંચ શ્રીફળ ચઢાવીશ, મારી લોટરી લાગે તો તમારા મંદિરમાં રૂ/૫૦૦૦ ફાળો આપીશ, હનુમાનદાદાને કહે, ભગવાન મારી જમીનનો સોદો પતિ જાય અને જમીનના કરોડો રૂપિયા આવે તો ૧ કિલો તેલ, સિંદુર અને ૧૧ નાળીયેર ચઢાવીશ.આમ અનેક માનતા રાખતા હોય છે અને જાણે ભગવાન ભ્રષ્ટાચારી હોય તેમ માનતા રાખીને પ્રલોભન આપીને ભગવાનને ખરીદવાની કોશિશ કરે છે.ભગવાન સૌની પ્રાર્થના સાંભળતો હોય છે તેને પ્રલોભન ન આપો. હા,મહેનત-સંઘર્ષ, પુરુષાર્થ કરો. જરૂર સફળતા આપશે, પરંતુ એક વાત યાદ રાખજો નસીબ સે જ્યાદા ઔર તકદીર સે પહેલે કુછ મિલને વાલા નહિ હૈ.

**તરસાડા- પ્રવીણસિંહ મહીડા**

### ડિગ્રીનું બજાર કે શિક્ષક ઘડતરનું મંદિર?

શિક્ષકને સમાજનો શિલ્પી કહેવામાં આવે છે, પરંતુ જો શિલ્પીઓને ઘડતી સંસ્થાઓ જ ખોખલી બની જાય તો શિક્ષણનું ભવિષ્ય કોના ભરોસે? આજે કેટલીક કથિત બી.એડ. સંસ્થાઓમાં ચાલતું ‘ભૂતિયા બી.એડ.’ નું ચિત્ર ચિંતાજનક છે. અઠવાડિયામાં માત્ર શનિવાર - રવિવારે વર્ગો યોજાય, બાકીના દિવસોમાં કેમ્પસ સૂમસામ રહે અને હાજરી, પાઠ આયોજન, પ્રેક્ટિકલ, ઇન્ટર્નશિપ તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓ કાગળો પર જ પૂર્ણ થઈ જાય–શું આને શિક્ષક શિક્ષણ કહી શકાય? બી.એડ.ની ડિગ્રી મેળવવી સરળ બની રહી છે, પરંતુ શિક્ષક બનવાની પ્રક્રિયા સતત નબળી પડી રહી છે. આવી સંસ્થાઓ શિક્ષણને સેવા નહીં, પરંતુ વેપાર બનાવી રહી છે. પરિણામે સમાજને કુશળ, સંવેદનશીલ અને જવાબદાર શિક્ષકો નહીં, પરંતુ માત્ર પ્રમાણપત્રધારી ઉમેદવારો મળી રહ્યા છે. તેની સૌથી મોટી કિંમત આપણા શાળાના વિદ્યાર્થીઓ અને સમગ્ર શિક્ષણ વ્યવસ્થાને ચૂકવવી પડે છે. શિક્ષક શિક્ષણની નિયામક સંસ્થા (NCTE) એ માત્ર કાગળો નહીં, પરંતુ વાસ્તવિક શૈક્ષણિક કામગીરીનું નિરીક્ષણ કરવું જોઈએ. શિક્ષક ઘડતર કોઈ ઔપચારિકતા નથી; તે રાષ્ટ્રના ભવિષ્યનું નિર્માણ છે. જો આજે ‘ભૂતિયા બી.એડ.’ સામે મૌન રહીશું, તો આવતીકાલે વર્ગખંડમાં જ્ઞાનનો પ્રકાશ નહીં, પરંતુ ગુણવત્તાના અંધકારનો સામનો કરવો પડશે. હવે સમય આવી ગયો છે કે ડિગ્રીના દેખાવ કરતાં શિક્ષણની ગુણવત્તાને પ્રથમ સ્થાન આપવામાં આવે. ઉત્તમ શિક્ષક તૈયાર કરવાની પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની બેદરકારી આખા રાષ્ટ્રના ભવિષ્ય સાથેનો અન્યાય છે.

**સુરત - સાગર ગાંધી**

### 140 કરોડની વસ્તી છતાં ફૂટબોલમાં ભારત કેમ પાછળ?

વિશ્વના અનેક નાના અને ઓછી વસ્તી ધરાવતા દેશો આજે ‘FIFA વર્લ્ડ કપ’ જેવા વિશ્વના સૌથી મોટા ફૂટબોલ મંચ પર પોતાની પ્રતિભા સાબિત કરી રહ્યા છે. બીજી તરફ, વિશ્વની સૌથી મોટી યુવા વસ્તી ધરાવતું ભારત આજે પણ ફૂટબોલ વર્લ્ડ કપમાં સ્થાન મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. આ માત્ર રમતની હાર નથી, પરંતુ રમતગમતના આયોજન અને નીતિઓ પર ગંભીર પ્રશ્નાર્થ છે. સવાલ એ છે કે જ્યારે ક્રોએશિયા, મોરોક્કો, જાપાન, દક્ષિણ કોરિયા જેવા દેશો વિશ્વ ફૂટબોલમાં પોતાની આગવી ઓળખ બનાવી શકે છે, ત્યારે ભારત કેમ નહીં? દેશમાં પ્રતિભાશાળી ખેલાડીઓની કોઈ અછત નથી. છતાં વર્ષોથી ‘’મૂળભૂત સુવિધાઓનો અભાવ, ગ્રામ્ય અને શાળા કક્ષાએ ખેલાડીઓ માટે મર્યાદિત તકો, પારદર્શિતાનો અભાવ અને નબળું રમતગમત સંચાલન’’ ભારતીય ફૂટબોલના વિકાસમાં સૌથી મોટો અવરોધ બન્યા છે. સમય આવી ગયો છે કે ‘’ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન, રમતગમતનું સંચાલન કરતી સંસ્થાઓ અને સરકાર’’ માત્ર જાહેરાતો કે ઈવેન્ટ્સ પૂરતી સીમિત ન રહે, પરંતુ લાંબાગાળાની દષ્ટિ સાથે ફૂટબોલના પાયાના વિકાસ માટે અસરકારક યોજના અમલમાં મૂકે. શાળાઓ, તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાંથી પ્રતિભા શોધી તેને વિશ્વસ્તરીય તાલીમ અને સુવિધા પૂરી પાડવામાં આવે. વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશને FIFA વર્લ્ડ કપમાં રમતા જોવા માટે હજુ કેટલાં વર્ષ રાહ જોવી પડશે?

**સુરત - આશિષ ટેલર**

### સરકારી સેવા માટે મોબાઈલ વાન શરૂ કરવાની જરૂર

જેમ જેમ શહેરીકરણનો વ્યાપ વધતો જાય તેમ લોકો માટે દરેક સુવિધા ઉપલબ્ધ કરાવવી પડે. લોકોને સરકારી કામકાજ માટે જુદી જુદી કચેરીઓમાં જવું ન પડે તે માટે સરકાર તરફથી શહેરના જુદા જુદા વિસ્તારોમાં કચેરી શરૂ કરવામાં આવી છે. મહાનગરોમાં મહાનગરપાલિકાની ઝોનલ કચેરી શરૂ કરવામાં આવી છે. લોકોને ઘર આંગણે સુવિધા ઉપલબ્ધ થઈ શકે પરંતુ જેઓ વિકલાંગ અને વયોવૃદ્ધ છે, જેમને ઘરે કોઈ નથી તેઓને સરકારી સેવા પૂરી પાડવા મોબાઈલ વાન શરૂ કરવી જોઈએ. હાલ બધા વ્યવહારો ડિજીટલ માધ્યમ દ્વારા કરવામાં આવે છે ત્યારે ડિજીટલથી અજાણ વયોવૃદ્ધને કોઇ બનાવી ન જાય તે પણ જોવાનું રહે. શહેરના દરેક વિસ્તારમાં સરકારી સેવા પૂરી પાડવા માટે મોબાઈલ વાન શરૂ કરવા વિચારવું જોઈએ એવું નથી લાગતું?

**સુરત - ચંદ્રકાન્ત રાણા**